### મોડાસાના મેઘરજ રોડ ફોરલેન બનાવનાર કોન્ટ્રાક્ટરની સતત

# બેદરકારીથી પાણીની પાઈપ લાઈનમાં ત્રીજીવાર ભંગાણ

મોડાસા, તા. ૮

ઉનાળો મધ્યાહને તપી રહ્યો છે, મોડાસા નગરપાલિકા ઘોર બેદરકારીના પગલે શહેરીજનોને પુરા પાડતી પીવાના પાણીની પાઈપલાઈનમાં જેસીબી મેઘરજ રોડ ફોરલેન બનાવવા પુરજોશમાં કામગીરી ચાલી રહી છે જેમાં કોન્ટ્રાકટરની વળતા પાઈપ લાઈન તૂટી જતાં હજારો લીટર પાણીનો વેડફાય થયો હતો. મહત્વનું છે કે, આ




તંત્ર માઝુમ જળાશયમાં પાણીનો પર્યાપ્ત જથ્થો હોવા છતાં ચોમાસાના આગમનમાં વિલંબ થાય તો પાણીની તંગી નગરજનોને ન પડે તે માટે આગોતરા આયોજનના ભાગરૂપે એકાંતરે પાણીનો જથ્થો શહેરીજનોને નગરપાલિકા પૂરો પાડી રહી છે. બીજી બાજુ મોડાસા ચાર રસ્તાથી મેઘરજ બાયપાસ ચોકડી સુધી ફોરલેન બનાવવા કામગીરી હાથ ધરી છે. ફોરલેન બનાવનાર કોન્ટ્રાકટરની મશીનથી ત્રીજીવાર ભંગાણ સર્જાતા પાણીના ફુવારા ઉડતા ભાર ઉનાળે અષાઢી માહોલનું સર્જન થયું હતું. હજ્જારો લીટર પાણીનો વેડફાટ થતો નગરજનોમાં આક્રોશ ફેલાયો હતો.

મોડાસાના મેઘરજ રોડ વિસ્તારમાં વિકાસના કાર્યો તો ચાલી રહ્યા છે વિકાસના કામો પ્રજાજનો અને નગરપાલિકાતંત્ર માટે પણ માથાનો દુખાવો સાબિત થઈ રહ્યા હોય તેવી સતત ઘટનાઓ બની રહી છે. બેદરકારીના ભોગે હજ્જારો લીટર પાણીનો વેડફાટ થયો હતો, વધુ એકવાર રોડ પહોળો કરવાની કામગીરી દરમિયાન ખોદકામ કરતા જેસીબી મશિનથી પીવાના પાણીની પાઈપ લાઈનો તૂટવાની ઘટનાઓ યથાવત જોવા મળી હતી. મેઘરજ રોડ પર રસ્તો પહોળો કરવાનું કામ ચાલી રહ્યું છે ત્યારે ઉમિયા મંદિરની સામેની બાજુએ પાણીની પાઈપલાઈન પર જેસીબી ફરી પહેલા પણ ત્રણ વાર પ્રકારની ઘટનાઓ બની ચૂકી છે, તેમ છતાં કોન્ટ્રાક્ટરો બેફામ રીતે જોયા વિના ખોદકામ કરી રહ્યા હોય તેનું લાગી રહ્યું છે. જો કે સવાલ એ થાય છે કે, વારંવાર આ પ્રકારની ઘટનાઓ કેમ બની રહી છે. શું કોન્ટ્રાક્ટરોને પાઈપલાઈન અંગે જાણ નથી..? જવાબદાર તંત્રના અધિકારીઓ સ્થળ પર ફરકતા ન હોવાથી સતત પાણીના વ્યયની ઘટનાઓ બહાર આવી રહી છે.

## પાણીની સમસ્યા મુદે નર્મદા ડેમની મુખ્ય કેનાલ બંધ કરવાની બીટીપીની ચીમકી

ભરૂચ,તા.૮


ઉનાળો પોતાના મધ્યભાગમાં પહોંચી ગયો છે ત્યારે ગુજરાતમાં પાણીની સમસ્યા વધારે વકરી છે. એક તરફ ગુજરાતમાં પાણીની સમસ્યા છે તો બીજી તરફ નર્મદા ડેમની મુખ્ય કેનાલ બંધ કરી સમગ્ર ગુજરાતમાં પાણી બંધ કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. ડેડીયાપાડાના ધારાસભ્ય અને ભારતીય ટ્રાયબલ પાર્ટીના અધ્યક્ષ દ્વારા આ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

ડેડીયાપાડાના ધારાસભ્ય અને ભારતીય ટ્રાયબલ પાર્ટીના અધ્યક્ષ મહેશભાઈ વસાવાએ નર્મદા ડેની મુખ્ય કેનાલ બંધ કરી સમગ્ર ગુજરાતમાં પાણી બંધ કરવાની ચીમકી પણ ઉચ્ચારી છે. મહેશભાઈ વસાવાએ નર્મદા જિલ્લામાં પાણીના પ્રશ્નોને નિવાસી અધિક કલેક્ટરને આવેદન પત્ર આપીને રજૂઆત કરી હતી. નર્મદાના ગ્રામ્ય વિસ્તારમાં પીવાના પાણીની મુશ્કેલી દૂર નહીં કરાય તો આગામી ૧૩ તારીખથી આંદોલન કરવામાં આવશે.

## બેદરકારી કોની ? GSRTCની હિસાબી અધિકારીની પરીક્ષાના પ્રમાણ પત્રો ચકાસણી પૂરી થયા બાદ મળ્યો કોલ લેટર

મોડાસા, તા. ૮

ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ એટલે કે, એસ.ટી વિભાગમાં વિવિધ ભરતીઓમાં છબરડાઓ થયાના વહેતા થયેલા સમાચાર બાદ તેનો ભોગ અરવલ્લી જિલ્લાના ઉમેદવાર પણ બન્યો છે. એસ.ટી વિભાગમાં હિસાબી અધિકારીની પરીક્ષા બાદ અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરવાના ઉમેદવારોને કોલ લેટર તો મળ્યા પણ મોડે મોડેથી આવા ઉમેદવારો તેમના પ્રમાણપત્રોની ચકાસણી કરાવી નથી શક્યા અને નોકરીથી હાથ ધોવાનો વારો આવ્યો છે. અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના જાલમખાંટ મુવાડાના ઉમેદવારને પરીક્ષાની તારીખ પૂરી થયા બાદ કોલ લેટર મળતાં નિરાશા હાથ લાગી છે.



એસ.ટી. નિગમની હિસાબી અધિકારી વર્ગ-૨-સીની કક્ષાની પરીક્ષા અન્વયે અસલ પ્રમાણ પત્રોની ચકાસણી કરવા માટે ઉમેદવારોને અમદાવાદના નરોડા પાટિયા ખાતે આવેલી એસ.ટી. નિગમની ખચેરી ખાતે બોલાવાયા હતા. આ માટે ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી તારીખ ૨-૫-૨૦૧૯ના રોજ રાખવામાં આવી હતી, જોકે અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના શૈલેષકુમાર ભલાભાઈ ખાંટ નામના ઉમેદવારને તારીખ ૪-૫-૨૦૧૯ના રોજ કોલ લેટર મળ્યો હતો. પોસ્ટ વિભાગ દ્વારા તારીખ ૨૪-૪-૨૦૧૯ તારીખે પોસ્ટ મારફતે રવાના કરાયું હતું, જોકે પ્રમાણપત્રોની ચકાસણીની તારીખ પૂરી થયા બાદ ઉમેદવારને કોલ લેટર મળ્યો હતો. કોલ લેટર મળતાની સાથે જ આ યુવક તાત્કાલિક અમદાવાદ ખાતે પ્રમાણપત્ર ચકાસણી કેન્દ્ર ખાતે તપાસ કરી પૂછપરછ હાથ ધરતા સંતોષકારક જબાબ નહોતો અપાયો. ત્યારે સવાલ એ થાય છે કે, પરીક્ષા પૂરી થયા બાદ કોલ લેટર કેમ મોડો મોકલ્યો અથવા તો મોડો મળ્યો ? એક તરફ બેરોજગારી ઘટવાનું નામ નથી લેતી તો બીજી બાજુ ચાલતા આવા છબરડાઓને કારણે બેરોજગાર યુવાઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે.



**વડગામમાં ભોજક પરિવાર દ્વારા શોભાયાત્રા**

વડગામ તાલુકા મથકે વડગામ ભોજક પાંડવ પરિવાર દ્વારા હવન યજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભોજક સમાજના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા. વડગામ બજારમાં હાથી, બગી, ઘોડા સાથે ભવ્ય શોભાયાત્રા નિકાળવામાં આવી હતી. શોભાયાત્રામાં ભોજક સમાજના દરેક યુવાનો, વડીલો અને યુવતીઓએ માથે થાપા બાધીને શોભાયાત્રામાં જોડાતા શોભાયાત્રા આકર્ષણનું કેન્દ્ર બની હતી. શોભાયાત્રા વડગામ બજાર માર્ગ ઉપર ફરીને ભોજકવાડી ખાતે સમાપન કરાઈ હતી.

## ફી મામલે સ્કૂલોની દાદાગીરી, ૧૦ શાળાઓએ વિદ્યાર્થીનાં પરિણામ અટકાવ્યા

વડોદરા,તા.૮

વડોદરામાં ફી મામલે સ્કૂલોની દાદાગીરી યથાવત રહી છે. વડોદરાની ૧૦ શાળાઓએ ફી મામલે વિદ્યાર્થીના પરિણામ અટકાવી દીધા, જેના કારણે વિદ્યાર્થીઓની સાથે વાલીઓને પણ મુશ્કેલીઓ પડી. વાલીઓએ વડોદરાની ૧૦ સ્કૂલો સામે આક્ષેપ કર્યો છે કે, સ્કૂલ પ્રશાસન દ્વારા ફી સ્ટ્રક્ચર નોટિસ બોર્ડ પર મુકાતું નથી. જેના કારણે સ્કૂલમાં શું ફી ચાલે છે તેની ખબર પડતી નથી. અને બાદમાં સ્કૂલો અચાનક બાળકોની ફીમાં વધારો ઝીંકી પરિણામ અટકાવીને હેરાન કરે છે.

વડોદરામાં ફી મામલે જે સ્કૂલોની દાદાગીરી સામે આવી છે, તેમાં સિગ્નસ સ્કૂલ, આનંદ વિહાર, અંબે સ્કૂલે બાળકોના પરિણામ અટકાવી દીધા છે. આ સિવાય બિલા બોન્ગ સ્કૂલ, ડીપીએસ હરણી, બ્રાઈટ સ્કૂલ, ગુજરાત પબ્લિક સ્કૂલ, અંબે સ્કૂલ- સાવલી રોડ, પ્રિન્સ અશોક રાજે ગાયકવાડ, બ્રાઈટ સ્કૂલ વાસણા જેવી સ્કૂલોનો સમાવેશ થાય છે.

વડોદરામાં ફીનો મામલો હવે વાલી એસોસિએશમાં પહોંચ્યો છે, અને વાલી એસોસિએશને સ્કૂલ પ્રશાસન પર ગંભીર આરોપ લગાવ્યા છે. તેમને કહ્યું કે, સ્કૂલોમાં પ્રોવિઝનલ ફી નક્કી કરી હોવા છતાં સ્કૂલો પોતાની મનમાની ફી માંગી રહ્યા છે.

એફઆરસીના ૨ વર્ષ બાદ પણ ૭૦ જેટલી સ્કૂલની ફીનો કોઈ જ નિવેડો આવી શક્યો નથી. એસોસિએશને એફઆરસીની ગોકળગતિની કામગીરીને લઈને અનેક સવાલો ઉઠાવ્યા હતા, અને કહ્યું કે, એફઆરસીના કારણે આજે વાલીઓને પરેશાન થવાનો વારો આવ્યો છે.

## માલપુરના જીતપુર ગામે વીજ તારમાં શોર્ટ સર્કિટથી ઘરમાં આગ લાગતા ખાખ

મોડાસા, તા. ૮

અરવલ્લી જીલ્લામાં માનવસર્જિત આફતથી પ્રજાજનો



અને ખેડૂતોની હાલત દયનિય બની છે. જીલ્લામાં વીજતંત્રના લચકાતા તારમાંથી સતત તણખલા ઝરતા અને શોર્ટસર્કિટથી ખેતરોમાં ઉભો પાક અને રહેણાંક વિસ્તારોમાં રહેલા ઘર બળીને ખાખ થતા ભારે નુકસાની સહન કરવાનો વારો આવ્યો છે. માલપુર તાલુકાના જીતપુર ગામના પ્રવીણભાઈ ખાતું ભાઈ વણકરનું ઘર આગમાં સ્વાહા થતા પરિવારપર આભ તૂટી પડ્યું હતું.

અરવલ્લી જિલ્લામાં આગની ઘટનાઓનો સિલસિલો યથાવત છે ત્યારે વીજ વાયરને કારણે આગને કારણે ઘર વખરી બળીને ખાખ થઈ જવાની ઘટના બની છે. માલપુર તાલુકાના જીતપુર ગામે ઘર પરથી પસાર થતાં વીજ વાયરને કારણે અચાનક શોર્ટસર્કિટ થયો જેને કારણે આગ ભભૂકી ઉઠતા આગની ઝપેટમાં ઘર આવી જતાં ઘર બળી ગયું. આગ લાગવાની ઘટનાની સાથે સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને પાણીનો મારો ચલાવ્યો હતો. જોકે સામાન્ય લાગીલે આગ ગરમીને કારણે વધુ પ્રસરી હતી. સામાન્ય પ્રસરેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં આખું ઘર આગની ઝપેટમાં આવી ગયું હતું અને ઘરનો તમામ સામાન બળીને ખાખ થતા ખેત મજૂરી કરી જીવન નિર્વાહ ચલાવતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.

## લૂંટનાં ઈરાદે સાધુ પર તીક્ષ્ણ હથિયારનાં ઘા ઝીંકી હુમલાખોર ફરાર

બોટાદ,તા.૮

બોટાદના ઢસામાં આવેલા ગુરૂકુળના સ્વામી અક્ષરપ્રકાશ દાસજી પર હુમલો થયો હોવાની ઘટના સામે આવી છે. હુમલો થતો તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા, જેથી તેમને તાત્કાલિક સ્વામીને ભાવનગર ખાતે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનામાં ગુરુકુળમાં ગત મોડી રાત્રે એકથી વધુ ચોર ગુરૂકુળમાં ઘૂસ્યા હતા.

આ ઘટનામાં સ્વામિનારાયણ ગુરૂકુળમાં ચોરીના ઈરાદે ઘૂસેલા આરોપીઓએ સ્વામી અક્ષરપ્રકાશ દાસજી પર તીક્ષ્ણ હથિયારોના ૫ ઘા ઉપરા છાપરી ઝીંકી હુમલા કર્યો હતો. અથડામણ દરમિયાન આરોપીઓએ સ્વામીને તીક્ષ્ણ હથિયારના પાંચ ઘા ઝીંકી દીધા હતા જેના પગલે સ્વામી લોહી લુહાણ થઈ ગયા હતા. આ ઘટનાના પગલે એસ.પી. અને ડી.વાય.એસ. પી સહીતનો પોલીસ કાફલો ગુરૂકુળ ખાતે પહોંચી ગયો હતો. ઘટનાને પગલે સ્વામીને ૧૦૮ને જાણ કરી સ્વામી અક્ષરપ્રકાશને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

## મોડાસામાં અરવલ્લી જિલ્લા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા ''વિશ્વ રેડ ક્રોસ'' દિવસની ઉજવણી

મોડાસા, તા. ૮

અરવલ્લી જીલ્લામાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની



સ્થાપના પછી જીલ્લામાં વિવિધ આરોગ્યલક્ષી સેવાઓ નિઃશુલ્ક આપવામાં આવી રહી છે. ૮ મે વર્લ્ડ રેડક્રોસ ડે ની ઉજવણી નિમિત્તે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, અરવલ્લી જિલ્લા શાખા મોડાસા તરફથી એક જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓ અને રેડક્રોસ સોસાયટીના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી જીલ્લા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા ૮ મે, બુધવારે મોડાસાના માલપુર રોડ પર આવેલા સાંઈ મંદિરેથી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી મેઘરજ તાલુકા શાખાના ચેરમેન દીપકભાઈ રામદેવ પુત્રમે પ્રસ્થાન કરાવ્યુ હતું. મોડાસા અને ધનસુરાના એલ્ડરલી હોમ હેલ્થ કેર એટેન્ડન્ટના તાલીમાર્થીઓ હાથમાં બેનર અને પ્લે કાર્ડ લઈ રેલીમાં મોટી સંખ્યામાં જોડાયા હતા. રેલીનું મોડાસાના ચાર રસ્તે આવેલા ટાઉનહોલ ખાતે સમાપન થયું હતું. બેટી બચાવો બેટી પઢાવો, જળસંચય, પર્યાવરણ બચાવો, થેલેસેમિયાની ગુજરાતમાંથી નાબૂદીના પ્લે કાર્ડ ધ્વારા નગરજનોને જાગૃતિનો સંદેશો અપાયો હતો. આ પ્રસંગે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અરવલ્લી જિલ્લા શાખાના સેક્રેટરી રાકેશભાઈ જોષી, ટ્રેઝરર જીતુભાઈ અમીન, કારોબારી સભ્યો વિઠ્ઠલભાઈ પટેલ, અરવિંદભાઈ શ્રીમાળી, કે.કે. શાહ તથા મહિલા પાંખના ડો. દીપ્તિબેન ઉપાધ્યાય પણ ઉપસ્થિત રહ્યા હતા.

## માલપુરના રૂઘનાથપુરાના અને વિજયનગરના ભટેલાના જગલમાં ભીષણ આગ

મોડાસા, તા. ૮

અરવલ્લી જીલ્લાની ગિરિમાળાઓ સતત આગ લાગવાની ઘટનાઓ બનતા રહસ્યમય આગે અનેક તર્ક-વિતર્ક અને જંગલમાં આગ લાગવાની ઘટનાઓમાં પર્યાવરણ સાથે માનવ વસાહત માટે ભયજનક બની રહી છે. અરવલ્લી વન વિભાગતંત્ર પાછળ સરકાર કરોડો રૂપિયા પગાર




પેટે એંધાણ કરી રહી છે અને વૃક્ષઓ વાવવા અને વનસંપદાનું જતન કરવા વર્ષે દહાડે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવી રહી છે તેમ છતાં અરવલ્લીની ગિરિમાળાઓ અને જંગલોમાં સતત લાગી રહેલી રહસ્યમય આગની ઘટનાઓએ ઉભા કર્યા છે. સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં આવેલા ડુંગર અનેક શંકા કુશંકાઓ સર્જી છે.

અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના રૂઘનાથપુરા નજીક આવેલા જંગલો અને સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના ભટેલા ગામના જંગલમાં અગમ્ય કારણોસર આગ ફાટી નીકળતા વનરાજી બાળીને ખાખ થઈ હતી. વનવિભાગ તંત્ર જંગલમાં આગ લાગવાની ઘટનાના પગલે દોડી આવી આગ પર લોકોના સહયોગથી કાબુ મેળવવા પ્રયત્નો હાથ ધર્યા હતા. મોડાસા નગરપાલિકા ફાયરબ્રિગેડની ટીમે રૂઘનાથપુરાના જંગલમાં લાગેલી આગને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવા ભારે જહેમત ઉઠાવી હતી.

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લા વનવિભાગ તંત્ર અરવલ્લીની ગિરિમાળાઓ અને જંગલમાં લાગતી રહસ્યમય આગનું કારણ શોધવામાં તદ્દન વામણું પુરવાર થતા વનવિભાગ તંત્ર નિષ્ફળ તંત્ર બની રહ્યું છે.

### વિરપુર ખાતે શ્રી રામદેવપીર ધામ, સંતશ્રી કલ્યાણદાસ આશ્રમમાં

# સંતવાણી કાર્યક્રમ અને અખંડ જ્યોત દર્શન કાર્યક્રમ યોજાયો

### મોટી સંખ્યામાં સંતો મહંતો સાથે ધર્મપ્રેમી જનતા ઉમટીને લ્હાવો લીધો

અમીરગઢ તાલુકાના વિરપુર ખાતે આવેલા શ્રી રામદેવપીર ધામ,સંત શ્રી કલ્યાણદાસ આશ્રમ ખાતે સંતવાણી કાર્યક્રમ અને અખંડ જયોત દર્શન કાર્યક્રમ યોજાયો હતો.



ઈકબાલગઢ થી અંબાજી જવા માર્ગ ઉપર આવેલા વિરમપુર ગામમાં આવેલા સંતશ્રી કલ્યાણદાસ આશ્રમ ખાતે શ્રી બાબા રામદેવ પીર ના સવરા મંડપ ના પાવન પ્રસંગે અગિયાર મી બિજ નો પાટોત્સવ વૈશાખ સુદ બીજ ને સોમવાર ની રાત્રે યોજાયો હતો જેમાં સંતવાણી, અખંડ જયોત,અને નકળંગ પાટોત્સવ યોજાયો હતો જેમાં ભજનીક કલાકાર અલ્પેશ સોઢા, (આણંદ) સોનલ સોઢા (આણંદ) કૈલાસદાન ગઢવી (ઈડર) રઘુભાઈ (ભાભર) સહીત ના કલાકાર ઉપસ્થિત રહી ને સંતો મહંતો અને ધર્મ પ્રેમી જનતા ને ભજન સત્સંગ થી ડોલાવી દીધા હતા સંતશ્રી કલ્યાણદાસ આશ્રમ વિરપુરના મહંત કલ્યાણદાસ સાધુ દ્વારા અલખધણી ના વાયક માં ઉપસ્થિત વાવના સ્ટેટ રાજવી ગજેન્દ્રસિંહ રાણાનું શાપો પહેરાવી શાલ ઓઢાડી ને સન્માન કરવામાં આવ્યું હતું સંતો મહનંતો નું પણ સન્માન કરવામાં આવ્યુંહતુંઆ પાવન પ્રસંગે ગુરુ બ્રાહ્મણ સમાજ બનાસકાંઠાના પ્રમુખ અરવિંદભાઈ ચોરાસિયા, બ.કા જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ ભરતભાઈ પરમાર, મફતલાલ ચોરાસિયા, ત્રિકમલાલ જોષી, વી.ડી.શર્મા, મુકેશભાઈ સેગંલ, સહીત સમાજ બંધુઓ તેમજ ધર્મપ્રેમી જનતા મોટી સંખ્યામાં હાજર રહી ને અલખધણી બાબા રામદેવ પીર ના નકળંગ પાટ અને અખંડ જ્યોત ના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી.

## ભાડા બાબતે તકરાર થતાં માલિકે તાળામાં ફેવિક્વિક લગાવી દીધી

અમદાવાદ,તા.૮

ઓઢવમાં રહેતા જગદીશકુમાર મોદીએ રામોલના મહાદેવનગરમાં એક દુકાન ૧૮૦૦ના ભાડાપેટે માલિક દયાનંદ યાદવ પાસેથી ભાડે રાખી હતી. ગણેશ જ્વેલર્સ નામથી તેઓ સોના ચાંદીના દાગીનાનો વેપાર કરતા હતા. થોડા સમય પહેલા આ દયાનંદે દુકાન ભાડુઆત જગદીશકુમારને વેચી દેવાની વાત કરી હતી. અને તાજેતરમાં ભાડુ વધારવાની વાત કરી. પણ જગદીશકુમારે મેટ્રો પ્રોજેકટ ત્યાં આવતો હોવાથી ભાડુ વધારવાની ના પાડતા ઝઘડો થયો.

જ્યારે જગદીશકુમારે દુકાને જઈને લોક ખોલ્યું તો તાળુ જામ થઈ ગયું હતું. જેથી ત્યાં સીસીટીવી કેમેરામાં જોતા જ દુકાન માલિકની હરકત સામે આવી. મકાન માલિકે તાળું ન ખૂલે તે માટે ફેવિક્વીક નાખી દીધું હતું. આ અંગે જગદીશકુમારે રામોલ પોલીસસ્ટેશનમાંફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીની સામે તપાસ હાથ ધરી છે.

અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં એક એવી ચોરીનો બનાવ બન્યો કે જે જોતા જ ચોર આવી પણ તરકીબ અપનાવે તેવો પ્રશ્ન મનમાં થાય. ખાનગી બેંકના એટીએમ સેન્ટરમાં એક ચોરએ ચોરીનો પ્રયાસ કર્યો હતો. પહેલા તો એટીએમ સેન્ટરમાં ઘૂસી સીસીટીવી કેમેરા પર કાગળ ઢાંકી દીધો અને બાદમાં રૂમાલ બાંધી દીધો અને બાદમાં એટીએમ મશીનનો આગળનો ભાગ કાપ્યો પણ પાછળનો ભાગ તોડતા તે તૂટ્યો નહિ જેથી તે સીસીટીવી કેમેરાનું ડીવીઆર ચોરી ફરાર થઈ ગયો. આ મામલે અમરાઈવાડી પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.